# નવા વર્ષની એ 'સબરસ'ની બુમ આજે કયાંક દબાઈ ગઈ છે

## મંદિરે જવાની, ચા પીવાની, મોં મીઠું કરાવવાની પરંપરાનું સ્થાન આધુનિક દિવાળીએ લઈ લીધું છે

ગાંધીનગર, તા.૧૦

આનંદ-ઉલ્લાસનો પર્યાય બની આવતા પર્વો આપણને જીવન બોધ આપી જાય છે. તમસો માં જયોતિર્ગમય। મંત્રની સાધના કરતા જીવનપંથ પ્રકાશિત કરવાનું સ્મરણ કરાવતું પર્વ એટલે દીપોત્સવ...

આજના આધુનિક યુગમાં ઉજવવામાં આવતી દિવાળી ઘણા ખરા અંશે બદલાઈ ગઈ છે. પહેલાના વર્ષોમાં વડીલોથી લઈ બાલ સૌ નવરાત્રિ બાદ દિવાળીની રાહ જોતા જોતા તેની તૈયારીઓમાં મન મુકીને મચી પડે છે અને ઘરમાં રંગ રોગાન તથા સાફસફાઈને લઈ તૈયારીઓ કરીને ઘરને સુંદર અને આકર્ષક બનાવવાના પ્રયત્નો કરે છે. પરંતુ આજે અને આજના આધુનિક લાઈફ સ્ટાઈલની અંદર ઘણી બધી પરંપરા અને રિવાજો જોવા મળતા નથી પહેલાના વર્ષોમાં ગામ તેમજ શહેરમાં નવા વર્ષના દિવસે વહેલી પરોઢીયે એ 'સબરસ'ની બુમ આજે કયાંક દબાઈ ગઈ છે તો વહેલી સવારે નવા વર્ષે ગામના લોકો નવા નવા વસ્ત્રો પરિધાનમાં સજ્જ થઈ ગામના મુખ્ય મંદિરે જઈ પ્રાર્થના કરી નવું વર્ષ સૌ માટે નિરોગી અને સુખમય રીતે પસાર થાય તેવી પ્રાર્થના આજે બહુ ઓછી થાય છે. જયારે આજે પુત્રો મા-બાપના આશીર્વાદ લેવામાં પણ શરમ અનુભવે છે.

પહેલાં નૂતન વર્ષના દિવસે ગામડે ગામ અને શહેરોમાં સવારમાં એકબીજાના ઘરે ચા પીવાની અને પીવડાવવાની તેમજ મોઢું મીઠું કરાવવાની જે પરંપરા હતી તેના સ્થાને મોંઘા ડ્રાયફ્રુટ અને મોંઘા પીણાએ લઈ લીધું છે. આજે બદલાતા સમયમાં ખરેખર એ દિવસોની યાદ જરુરથી આવે છે. દિવાળીના પર્વોમાં એ કપડાં લેવાની જીદ, એ ફટાકડા ફોડવાની મજા, એ રંગોળીમાં કુદકો મારવો, બીજાના દિવા ઓલવી નાંખવા, કાગળીયાના ઉંબાળીયા કરવાની મજા પણ કયાંક ખોવાઈ ગઈ છે. જે દિવસોની ખરેખર યાદ આજે આવે છે. મિત્રો જો તમને આંખ બંધ કરવાની કલા આવડી જાય તો એ બંધ આંખ જ તમારા માટે દિવાળી બની રહેશે ને આંખ ઉઘાડવાની કલા આવડી જાય તો તે ઉઘાડી આંખ તમારા માટે નવું વર્ષ બની રહેશે... મિત્રો સર્વેને દિપોત્સવની શુભેચ્છાઓ...



દિપાવલીના તહેવાર ટાણે પગરખાંની ખરીદીમાં પણ તેજી જોવા મળી રહી છે. (તસવીર : દિપક જાની)

# પરિણીતાને મોબાઈલ પર પરેશાન કરતો શખ્સ ઝડપાયો

## એકવાર રોંગ નંબર લાગ્યા બાદ વારંવાર કોલ કરતો હતો : ગાળાગાળી કરીને મારી નાંખવાની ધમકી આપનાર મોબાઈલ રોમિયો ધનસુરાનો હતો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક અડાલજ ખાતે રહેતી પરિણીતાને વારંવાર કોલ કરીને હેરાન કરનાર શખ્સને તેણીના દિયરે કોલ કરવાની ના પડતા તેને પણ ફોન પર જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગાળાગાળી કરનાર શખ્સ વિરુધ્ધ અડાલજ પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે મોબાઈલ નંબરને આધારે તપાસ કરીને તે શખ્સને ધનસુરા વિસ્તારથી ટ્રેસ કરીને ઝડપી પાડયો છે. ઉલ્લેખનીય છે કે પોલીસ કેસ થયાની જાણ થતા જ તે શખ્સે તેનું સિમ કાર્ડ મોબાઈલમાંથી નિકાળી દઈ બીજું કાર્ડ વાપરવાનું શરુ કરી દીધું હતું અને પોલીસને પણ ગુમરાહ કરી હતી.

અડાલજ ખાતે સ્થિત શ્રીનાથ રેસીડેન્સીમાં રહેતી એક પરિણીતાના મોબાઈલ પર થોડા દિવસ અગાઉ એક રોંગ નંબર આવ્યો હતો. તે દિવસ બાદ તે જ નંબર પરથી અવારનવાર કોલ આવવાના શરુ થઈ જતાં પરિણીતાએ તેનાથી ત્રાસી જઈને દિયરને વાત કરી હતી. તેણીના દિયરે તે નંબર પર કોલ કરીને હવે પછી આ નંબર પર ફોન ન કરવા કહેતા મોબાઈલ રોમીયોએ દિયર સાથે ગાળાગાળી શરુ કરી દઈને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. જે સંદર્ભે અડાલજ પોલીસને ફરિયાદ કરવામાં આવતા પી.આઈ. એસ.જી. પરમારે તે નંબરની ડીટેઈલ કઢાવી તપાસ કરતાં ધનસુરા વિસ્તારનો મનુ જીવણ નાડીયા નામનો શખ્સ હોવાનું જાણવા મળ્યું હતું. તેને આજે પકડી લઈને તેના વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે. આ શખ્સે તેના મોબાઈલમાંથી સિમ કાર્ડ પણ બદલી નાંખ્યું હતું અને પોલીસે પકડયા બાદ તેની પાસે આવો કોઈ નંબર જ ન હોવાના ઉઠા ભણાવી રહ્યો હતો. પોલીસે અંગજડતી કરતાં તે સીમ પણ તેની પાસેથી મળી આવ્યું હતું.

# સંસ્કાર ગૃપના બાળકો દ્વારા ડભોડા હનુમાનજીના દર્શનનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

સંસ્કાર ગૃપના પ્રમુખ તુષાર દવેએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સંસ્કાર ગૃપ દ્વારા તા. ૧૨મી નવેમ્બરના રોજ ગૃપના સભ્યો હનુમાનજીના દર્શન અર્થે ડભોડા ગામની મુલાકાતે જશે. તો સભ્યોએ સવારના ૯ કલાકે સેક્ટર-૭ ખાતેના બગીચે હાજર રહેવુ. તથા નવા વર્ષની શુભેચ્છા મુલાકાત તા. ૧૦મી નવેમ્બરના રોજ સેક્ટર-૭ બગીચા પાસે સવારે ૬.૪૫ કલાકે હાજર રહેવું. સંસ્કાર ગૃપના સભ્યો મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત અને રાજ્યપાલના આશીર્વાદ લેશે.

# વી-કેર ફાઉન્ડેશન દ્વારા માઈન્ડ પાવર એન્ડ સ્ટુડન્ટ મોટીવેશન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરના વી કેર ફાઉન્ડેશનના કિશોર સતાસીયાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, વેકરીયા કોલેજ જૂનાગઢ ખાતે એમ.બી.એ. ફેકલ્ટીમાં તાજેતરમાં ગાંધીનગરના વી. કેર. ફાઉન્ડેશન દ્વારા માઈન્ડ પાવર એન્ડ સ્ટુડન્ટ મોટીવેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વી.કેર ફાઉન્ડેશનના પ્રમુખ જે.સી. પટેલ દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો અને કાર્યક્રમમાં હાજર રહી તેને સફળ બનાવ્યો હતો.

# બાયોલોજીનું પ્રશ્નપત્ર સરળ સ્ટુડન્ટસનો વિશ્વાસ વધશે


## મોટાભાગના વિદ્યાર્થીઓએ નિયત સમય પહેલા ઉત્તરવહી ભરી દીધી

ધો. ૧૧ના પ્રથમ સેમેસ્ટરની પરીક્ષાના અંતે આજે 'બાયોલોજીનું પ્રશ્નપત્ર અત્યંત સરળ અને ટેક્ષ આધારિત હોવાથી મોટાભાગના વિદ્યાર્થીઓએ પેપર અડધો કલાક પહેલા જ પૂર્ણ કરી દીધુ હતુ. વિષય નિષ્ણાંતના મત મુજબ પ્રશ્નપત્ર સ્ટુડન્ટ્સનો વિશ્વાસ વધારે તેવું ઈઝી હતુ.

દિવાળી પૂર્વે પરીક્ષાની મૌસમ પૂર્ણ થઈ જતા વિદ્યાર્થીઓએ હાંશકારો લીધો છે. ફિઝીક્સના પ્રશ્નપત્રને બાદ કરતા ધો. ૧૧ ફર્સ્ટ સેમ.ની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે ઈઝી ગોઈંગ રહી હોવાનું શિક્ષણ તજજ્ઞો જણાવી રહ્યા છે. જિલ્લામાંથી ૫ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ધો. ૧૧ પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા આપી હતી. જ્યારે પરીક્ષાના અંતિમ તબક્કામાં આજે 'બાયોલોજી' વિષયની પરીક્ષા લેવાઈ હતી. બાયોલોજી પ્રશ્નપત્ર તદ્દન સરળ હોવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યું છે. વિષય નિષ્ણાંત પ્રદીપ ગગલાણીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે પેપરમાં તમામ પ્રશ્નો ટેક્ષ આધારિત પુછાયા હતા. વિદ્યાર્થીઓ નિયત સમય પહેલા જ પરીક્ષા પુરી કરી શકે તેટલું સરળ પ્રશ્નપત્ર હતુ. અગાઉ થર્ડ સેમેસ્ટરના અઘરા પ્રશ્નપત્રથી વિદ્યાર્થીઓ મુંઝાયા હતા. જ્યારે આજની કસોટીના અંતે વિદ્યાર્થીઓનો બાયોલોજી વિષય માટે આત્મ વિશ્વાસ વધશે.

# નાયી સમાજનું સ્નેહમિલન ૧૩મીએ યોજાશે

ગાંધીનગર સેક્ટર-૧૩ ખાતે આવેલ લિમ્બચ માતાના મંદિરે સમુહ ચોપડા પૂજન તા. ૧૩મી નવેમ્બર દિવાળીના દિવસે સાંજે ૪ કલાકે રાખવામાં આવ્યું છે. તેમજ તા. ૧૪મી નૂતનવર્ષના દિવસે મંદિરે સવારે ૯.૩૦ કલાકે મહાઆરતી, મહાપ્રસાદી અને સ્નેહ મિલન સમારોહ રાખવામાં આવેલ છે. ગાંધીનગરમાં વસતા નાયી સમાજના ભાઈ-બહેનો સમયસર પધારવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા તાજેતરમાં અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગજાનન સેવા સમિતિએ મોડાસા તાલુકાના વાંટકા ગામના ૩૧ લાભાર્થીઓને અનાજની કીટ વહેંચી હતી. ૧૧ વર્ષથી ચાલતા આ કાર્યમાં ચોખા, તેલ, ખાંડ વિગેરે ૧૮ વસ્તુઓમાં ધાબળા, સાડી વગેરે પણ જરુરીયાતમંદોને વહેંચવામાં આવ્યા હતા.

# આજે હરિપાર્ક પરિવાર દ્વારા રંગોળી સ્પર્ધાનું આયોજન

ગાંધીનગરના સેક્ટર-૨-ડીના હરિપાર્ક પરિવાર દ્વારા આજે તા. ૧૧મી નવેમ્બરે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. દિવાળીના તહેવારોમાં દરેક ઘરે રંગોળી સજાવટ હોય છે. રંગો જીવનના ઉત્સાહને પ્રગટ કરતા હોય છે ત્યારે હરિપાર્ક પરિવારના પ્રમુખ અતુલભાઈ જેતાવતની રાહબરી હેઠળ રંગોળી સ્પર્ધા આજે બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન યોજાશે. રસિકજનો લાભ લઈ શકશે.

# આજે પેથાપુર ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે

શ્રી રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય પાઠ કાન્તીભાઈ 'યોગી'ની વ્યાસપીઠે આજે તા. ૧૧મી નવેમ્બર-૨૦૧૨ને રવિવારે ધનતેરશના દિવસે સાંજે ૪ કલાકે શ્રી નિલકંઠ વિલા ફ્લેટસ્ પેથાપુર ખાતે યોજાશે.જેનો સૌ ભક્તજનો લાભ લઈ શકશે.

# ચાંચિયાગીરી ડામવા દરિયાઈ સુરક્ષા અને નીતિઓ અંગેના પુસ્તકનું લોકાર્પણ

## ૯ અને ૧૦ જાન્યુઆરીએ વિશ્વસ્તરની કોન્ફરન્સ મળશે

ગાંધીનગર, તા. ૧૦

દરિયાઈ સુરક્ષા અને ચાંચિયાગીરી ઉન્મુલન માટેના પ્રયાસો, પડકારો અને નિવારણ સંદર્ભે ગુજરાત લૉ યુનિવર્સિટી દ્વારા 'દરિયાઈ સુરક્ષા અને નીતિઓ' શીર્ષક અન્વયે વિશેષ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં ચાંચિયાગીરી સંબંધિત અગત્યના દાવાઓ, લડાઈ અંગેની કાયદા નીતિ તેમજ વિશ્વ વેપાર પર ચાંચિયાગીરીની અસરો સહિતની ઉપયોગી માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના ડૉ. બિમલ એન. પટેલ તેમજ પ્રો. હીતેશ ઠક્કર દ્વારા આ પુસ્તકનું સંપાદન કરવામાં આવ્યું છે. ડૉ. બિમલ પટેલે આ તબક્કે માહિતી આપતા જણાવ્યું હતું કે ગત વર્ષ દરમિયાન વૈશ્વિક ચાંચિયાગીરીના આતંક સામે યોજાયેલી કોન્ફરન્સમાં ૩૫ દેશોએ ભાગ લીધો હતો. હિન્દ મહાસાગરની રેખામાં ૨૦ જેટલા દેશો આવેલા છે. જ્યારે હિન્દ મહાસાગરમાં ભારત દેશનો ૧૫ લાખ સ્કવેર કિ.મી. હીસ્સો છે. વિશ્વમાં ખાણ ખનીજનો ૪૦ ટકા હિસ્સો પણ હિન્દ મહાસાગરમાંથી ઉપલબ્ધ થાય છે. દરિયાઈ સુરક્ષા અને ચાંચિયાગીરી સામેના પડકારો નિવારવા વર્ષ ૨૦૧૧ દરમિયાન યોજાયેલી કોન્ફરન્સનો અહેવાલ ગત મહિનામાં ઈન્ડિયન ઓરાન રીમ એસોસિએશન કોર રીજીયોનલ કો ઓપરેશનની કાર્યવાહક સમિતિની બેઠકમાં પણ રજૂ કરવામાં આવ્યો હતો. જી.એન.એલ.યુ. દ્વારા લોકાર્પણ કરાયેલા મહત્વના પુસ્તકમાં ચાંચિયાગીરી ઉન્મૂલન માટેના પ્રયાસોની વિચારણા, સમાધાનો કાયદાઓ અને ન્યાય પ્રક્રિયાની બાબતો અંગેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ચાંચિયાગીરી અંગેના દાવાઓ જ્યુડીસીયરી કેસની પણ માહિતી રજૂ કરવામાં આવી છે. પાંચ ભાગમાં વિભાજિત પુસ્તકમાં વૈશ્વિક સોહાર્દ, ચાંચિયાગીરી સામેની લડાઈ, વિભાગીય અને ક્ષેત્રિય સૌહારેની ભૂમિકા ઉપરાંત દરિયાઈ માર્ગની સુરક્ષા માટેના પગલાંઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આગામી તા. ૯ અને ૧૦ જાન્યુઆરી-૨૦૧૩માં પણ આ સંદર્ભે એક કોન્ફરન્સ યોજવામાં આવનાર છે. જેમાં ભારત સરકારે બધા દેશોને આમંત્રણ આપ્યું છે.

# સમર્પણ આર્ટસ કોલેજના વિદ્યાર્થી કુસ્તી સ્પર્ધામાં ઝળકયા



ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત યુનિવર્સિટીના દક્ષિણ વિભાગ અંતર્ગત પી.એન. પંડ્યા કોલેજ, લુણાવાડા ખાતે 'કુસ્તી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થી રાકેશ અહેલાવતે ૮૪ કિ.ગ્રા.ની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ.

ગુજરાત યુનિવર્સિટીના જિમ્નેશિયમ હોલમાં યોજાયેલી ઈન્ટર ઝોન કુસ્તી સ્પર્ધામાં પણ રાકેશ અહેલાવતે ઉત્કૃષ્ટ દેખાવ કરીને ૮૪ કિ.ગ્રા.ની સ્પર્ધામાં યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. આ સ્પર્ધામાં ગુજરાત યુનિવર્સિટીના અલગ અલગ ઝોનની વિવિધ કોલેજોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

રાકેશ અહેલાવત હવે ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી કુસ્તી સ્પર્ધામાં રમવા માટે જવાનાં હોવાથી કોલેજના આચાર્ય ડૉ. જે.એસ. પ્રજાપતિ અને પી.ટી.આઈ. પ્રા. મહેન્દ્રભાઈ મોડીયાએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી અને તેમની સિદ્ધિઓ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# એન્જીનીયરીંગ કોલેજમાં વિદ્યાર્થીની બેગમાંથી મોબાઈલની ઉઠાંતરી

## કલોલની રાંચરડા ખાતે સ્થિત કોલેજની ઘટના

કલોલ, તા.૧૦

કલોલ તાલુકાના રાંચરડા ગામમાં આવેલી એન્જીનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીની બેગમાંથી મોબાઈલની ઉઠાંતરીનો કિસ્સો નોંધાવા પામ્યો છે. પાંચેક દિવસ અગાઉ સવારના સુમારે જયારે તે વિદ્યાર્થી કોલેજમાં હતો ત્યારે કોઈ શખ્સે તેની બેગમાંથી મોબાઈલ ચોર્યો હોવાની કલોલ તાલુકા પોલીસ મથકે ફરીયાદ દાખલ થવા પામી છે. કલોલ તાલુકા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

મળતી માહિતી મુજબ કલોલ નજીકના રાંચરડા ગામમાં સ્થિત ઈન્ડસ એન્જીનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરતો પાર્થ રજનીકાન્તભાઈ સંઘવીની કોલેજ બેગમાંથી મોબાઈલની ચોરી થઈ જવા પામી હતી. ૫મી નવેમ્બરના રોજ પાર્થ તેની કોલેજ ગયો હતો ત્યારે સવારના સુમારે તેની બેગમાંથી કોઈ અજાણ્યો શખ્સ રૂ. ૧૧ હજારની કિંમતનો સેમસંગ કંપનીનો મોબાઈલ ઉઠાવી ગયો હતો. તેની બેગમાં મુકેલો મોબાઈલ મળી ન આવતા ચોરી થયા અંગે તેણે કલોલ તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસનો દોર શરુ કર્યો છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૫

સૂર્યાસ્ત : ૬.૦૪

## તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૫.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૩૪ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
૧૯૨૦-ઈવીલ રીર્ટન : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫.૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
સ્કાયફૉલ (અંગ્રેજી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
લવ સવ તેય ચીકન ખુરાના : ૧૨.૪૫, ૩.૪૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૬.૪૫, ૯.૪૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
સ્કાયફૉલ (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૯.૦૦
કેવી રીતે જઈશ (ગુજરાતી) : ૬.૧૫
: સ્ક્રીન-૨ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૧.૧૫, ૪.૩૦
ઓહ માય ગૉડ : ૨.૦૦
સ્કાય ફૉલ : ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
લવ સવ તેય ચીકન ખુરાના : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૧૦.૧૫
ઓહ માય ગૉડ : ૭.૦૦

### સૂર્યા, વાવોલ

૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હું આવીશ સાજન તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
સ્કાયફૉલ : ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૨.૩૦, ૩૦.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ચિરાગ, કલોલ

૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : વ્યાપાર- વ્યવસાય સારો અને લાભદાયી રહેશે. કુટુંબીજનો સાથે ભાગ્યવર્ધક સંભવિત યાત્રા-પ્રવાસ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનના યોગ બની રહ્યા છે નોકરીમાં બદલી-બઢતી થઈ શકે છે.

**વૃષભ** : આવક- ખર્ચમાં સંતોલન રહેશે. આજે નવા સંબંધો બંધાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી હિતાવહ છે.

**મિથુન** : નાણાંકીય કાર્યોમાં અનુસંધાનનો યોગ. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં પ્રવાસનું આયોજન થશે. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની કાળજી લેવી.

**કર્ક** : નવા આર્થિક સાધનો પર કાર્ય થશે. અન્ય વ્યક્તિઓ પર વિશ્વાસ મુકતાં પહેલાં વિચાર કરવો. વ્યાપાર- વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે. માતા-પિતાનું આરોગ્ય ઠીક રહેશે. નવા સંબંધ લાભદાયક રહેશે.

**સિંહ** : આવક- જાવકમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થઈ શકે છે. માનસિક અસ્થિરતા દૂર કરી અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો.

**કન્યા** : સમાજમાં માન, પદ- પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓ વિશેષ યોગ. કલાત્મક કાર્ય થશે.

**તુલા** : ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ. વ્યાપાર- વ્યવસાય, નોકરી વગેરેમાં આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન યોગ બની રહ્યો છે. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકે છે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે.

**વૃશ્ચિક** : પદ પ્રતિષ્ઠા સંબંધિ વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા યોગ. આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. ધાર્મિક યાત્રાઓનો યોગ પ્રબળ બની રહ્યો છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપાર- વ્યવસાયમાં લાભ મળવાની સંભાવના છે. નવી યોજનાઓ પર કાર્ય આજે થઈ શકશે. જીવનમાં નિરાશાનો આભાસ થઈ શકે છે. પરંતુ તમે તેને દુર કરી દૃઢમનોબળ સાથે તમે આગળ વધશો.

**મકર** : સમસ્યાઓને લગતી યાત્રા અને ખર્ચ થશે. નોકરીમાં ઉચ્ચ અધિકારીઓથી વિવાદ થવાની સંભાવના છે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. વ્યવસાયિક યાત્રા લાભપ્રદ બની રહેશે.

**કુંભ** : સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વૃદ્ધિનો યોગ. આજે કુંટબના સભ્યોને લઈને માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે. વિવાદમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : વાહન સુખનો ઉત્તમ યોગ છે. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યો થઈ શકશે.સામાજિકક્ષેત્રમાં સુખ- સુવિધા, પદ-પ્રતિષ્ઠા સંબંધી વિશેષ યોગ બની રહ્યા છે

## ચિરવિદાય

- સ્વ. પ્રકાશચંદ્ર ચુનીભાઈ પટેલ (ઉ. વ.૬૦) મુ.પો. નવા કોબા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નીલમબેન હરીચંદ્ર વજીરાણી (ઉ. વ.૮૬) પ્લોટ નં. ૧૯૩, આનંદવાટીકા સોસાયટી, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઉ. વ.૬૬) પ્લોટ નં. ૯૯૪/ ૧, સેકટર-૪/ડી, ગાંધીનગર.
- સ્વ. શિવકુમાર શિવશંકર દવે (ઉ. વ.૯૦) પ્લોટ નં. ૮૮૫/૨, સેકટર-૭/સી, ગાંધીનગર.